# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્ર પ્રમુખ સાથે યુક્રેનમાં સંઘર્ષનો તાત્કાલિક અંત લાવવા સહિતના મુદ્દાઓ પર ટેલિફોનિક ચર્ચા કરી.**
2. **કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ દિલ્હીમાં સન્ડે ઓન સાયકલ અભિયાનમાં ભાગ લેતા કહ્યું કે સરકારે સાયકલ પરનો જીએસટી ઘટાડ્યો**
3. **ખાલીસ્તાન સમર્થકોને નાણાકીય સહાય મળતી હોવાનો કેનેડાનો સ્વિકાર**
4. **નેશનલ ગાર્ડને હટાવવાની માંગણી સાથે વોશિંગ્ટન , ડીસીમાં હજારો પ્રદર્શનકારીઓની કૂચ**
5. **આજે થનારુ ચંદ્રગ્રહણ સમગ્ર ભારતમાં સ્પષ્ટપણે દેખાશે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-MACRON

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે યુક્રેનમાં સંઘર્ષનો તાત્કાલિક અંત લાવવાના પ્રયાસો સહિત આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી . શ્રી મોદીએ સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ અને શાંતિ અને સ્થિરતાની તાત્કાલિક પુનઃસ્થાપના માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

બંને નેતાઓએ ટેલિફોનિક વાતચીતમાં વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગમાં થયેલી પ્રગતિની સમીક્ષા અને મૂલ્યાંકન કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારી , વૈશ્વિક શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી રહેશે. પ્રધાનમંત્રી મોદીએ આવતા વર્ષે ફેબ્રુઆરીમાં ભારતમાં યોજાનાર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ઇમ્પેક્ટ સમિટ માટે આમંત્રણ સ્વીકારવા બદલ રાષ્ટ્રપતિ મેક્રોનનો આભાર માન્યો.

પ્રધાનમંત્રી મોદીએ તાજેતરમાં યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયન સાથે વાતચીત કરી હતી. તેઓએ ભારત- EU મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષ અને ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરના અમલીકરણ માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

. . . . . . . . .

# FIT INDIA-MANDAVIYA

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ દિલ્હીમાં ભારતીય રેલ્વેના સહયોગથી 'ગર્વથી સ્વદેશી' થીમ પર 'ફિટ ઇન્ડિયા: સન્ડે ઓન સાયકલ ' કાર્યક્રમમાં ભાગ લીધો.

શ્રી માંડવિયાએ કહ્યું છે કે સન્ડે ઓન સાયકલ એક અભિયાન બની ગયું છે. તેમણે કહ્યું કે 50થી વધુ સાંસદોએ તંદુરસ્ત રહેવા અને સ્વદેશીને પ્રોત્સાહન આપવા અને લોકો સુધી સ્વદેશીનો સંદેશ પહોંચાડવા માટે આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

**(બાઈટ – મનસુખ માંડવિયા, સન્ડે ઓન સાયકલ, જીએસટી)**

શ્રી માંડવિયાએ કહ્યું કે આ કાર્યક્રમ દેશમાં 8 હજારથી વધુ સ્થળોએ આયોજિત કરવામાં આવ્યો હતો. તેમણે એ પણ માહિતી આપી કે સાયકલ પરનો GST 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.

. . . . . . . . .

# AIR CHIEF - OPERATION SINDOOR

ભારતીય હવાઈદળના વડા એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે કહ્યું છે કે ઓપરેશન સિંદૂર ભારતની ઝડપી , નિર્ણાયક અને સચોટ પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવે છે.

ચેન્નાઈમાં ઓફિસર ટ્રેનિંગ એકેડેમી OTA ખાતે પાસિંગ આઉટ પરેડને સંબોધતા તેમણે નવા અધિકારીઓને રાષ્ટ્ર સેવામાં એકતાની ભાવના જાળવી રાખવા અનુરોધ કર્યો. આ પરેડ દ્વારા 130 પુરુષ અને 25 મહિલા ઓફિસર કેડેટ્સને સેનામાં કમિશન આપવામાં આવ્યું છે. મિત્ર દેશોના 9 પુરુષ અને 12 મહિલા સહિત 21 વિદેશી કેડેટ્સે પણ OTA ખાતે તાલીમ પૂર્ણ કરી.

એર ચીફ માર્શલે પરેડમાં આધુનિક યુદ્ધ અને સંકલિત કાર્યવાહીની જરૂરિયાત વિશે માહિતી આપી. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર સેના , નૌકાદળ, હવાઈદળ અને અન્ય રાષ્ટ્રીય સુરક્ષા એજન્સીઓ વચ્ચે સફળ સંકલન સાબિત થયું છે. તેમણે કેડેટ્સને કહ્યું કે સશસ્ત્ર દળો કટોકટીના સમયે સૌ પ્રથમ કાર્યવાહી કરે છે. તેમણે કહ્યું કે વાસ્તવિક તાકાત વ્યક્તિગત શ્રેષ્ઠતામાં નથી , પરંતુ ટીમવર્ક અને સંયુક્ત કાર્યવાહી ક્ષમતામાં છે. શ્રી સિંહે કહ્યું કે કોઈપણ સેવા આકાશ, જમીન અને સમુદ્રમાં એકલા કામ કરી શકતી નથી.

સમારંભ દરમિયાન ઉત્કૃષ્ટ કેડેટ્સનું સન્માન કરવામાં આવ્યું. રાજ વિશ્વાસને સ્વોર્ડ ઓફ ઓનર અને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો. પારુલ દદવાલને સુવર્ણ ચંદ્રક અને પ્રાંજલ દીક્ષિતને કાંસ્યચંદ્રક એનાયત કરવામાં આવ્યો.

. . . . . .

# GUJARAT RAIN

ગુજરાતમાં છેલ્લા 24 કલાક દરમિયાન 139 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં કપરાડા તાલુકામાં 10 ઈંચ, પોશીના,ધરમપુર તાલુકામાં 6-6 ઈંચ, રાધનપુર, ઉમરગામ, ભચાઉ, લાખણી, તલોદ અને પાલનપુર તાલુકામાં 4-4 ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યમાં ચાલુ મોસમનો સરેરાશ વરસાદ 102.89 ટકા જેટલો નોધાયો છે. સરદાર સરોવર ડેમમાં 91.26 ટકા જળ સંગ્રહ થયો છે. રાજ્યના 206 જળાશયો પૈકી 123 ડેમ હાઈ એલર્ટ ઉપર છે જયારે 20 ડેમ એલર્ટ ઉપર તથા 14 ડેમ વોર્નીગ ઉપર છે. રાજ્યના 203 જળાશયોમાં હાલ 4,67,920 **M.S.F.T.** જેટલો જળ સંગ્રહ થયો છે. જે કુલ સંગ્રહ શકિતના **83.87** જેટલો છે.

રાજ્યમાં પહેલી જૂનથી અત્યાર સુધીમાં પાંચ હજાર 598 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે જયારે એક હજાર 45 લોકોને રેસ્કયુ કરીને બચાવી લેવાયા છે. હાલ રાજ્યમાં 12 એન.ડી.આર.એફ.ની અને 22 એસ.ડી.આર.એફની ટીમો વિવિધ જિલ્લાઓમાં તૈનાત રાખવામાં આવી છે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# INDIAN AIR FORCE-RESCUE OPERATION

ભારતીય સેના, NDRF અને SDRF એ ભારે વરસાદથી પ્રભાવિત જમ્મુ અને કાશ્મીરના ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાં વિશાળ રાહત અને બચાવ કામગીરી હાથ ધરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વાયુસેનાના પશ્ચિમ વાયુ કમાન્ડે જણાવ્યું હતું કે વાયુસેનાએ જમ્મુ અને કાશ્મીરના ઉધમપુરના ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારમાં 5.9 ટન ખાદ્ય સામગ્રી ફેંકીને એક સાહસિક કામગીરી હાથ ધરી છે.

હિમાચલ પ્રદેશમાં 17 કલાક સુધી ચાલેલા એક નોંધપાત્ર ઓપરેશનમાં પાંચસો ચાલીસ લોકોને સંપૂર્ણ તૈયારી સાથે સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા. આ મિશનને સફળ બનાવવા માટે ચાર હેલિકોપ્ટર અને 35 ક્રૂએ દિવસ-રાત કામ કર્યું હતું.

અધિકારીઓએ ખાતરી આપી છે કે સંપર્ક સ્થાપિત ન થાય અને ફસાયેલા લોકોને સલામત સ્થળોએ લઈ જવામાં ન આવે ત્યાં સુધી બચાવ કામગીરી ચાલુ રહેશે.

. . . . . .

# CANADA KHALISTANI-GROUPS

કેનેડાએ સત્તાવાર રીતે સ્વીકાર્યું છે કે, ખાલિસ્તાની હિંસક ઉગ્રવાદી જૂથોને દેશના આંતરિક સ્ત્રોતોમાંથી નાણાકીય સહાય મળી રહી છે.

કેનેડાના નાણાં મંત્રાલયના અહેવાલમાં આ વાતનો ખુલાસો થયો છે . અહેવાલ મુજબ, કાયદા અમલીકરણ અને ગુપ્તચર એજન્સીઓએ શોધી કાઢ્યું છે કે ખાલિસ્તાન સમર્થક જૂથને કેનેડાના લોકો અને અહીંના નેટવર્ક્સ તરફથી નાણાકીય સહાય મળે છે. આ જૂથોમાં બબ્બર ખાલસા ઇન્ટરનેશનલ અને ઇન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશનનો સમાવેશ થાય છે. આ બંને જૂથો કેનેડાના ક્રિમિનલ કોડ હેઠળ આતંકવાદી સંગઠનો તરીકે સૂચિબદ્ધ છે.

અહેવાલમાં જણાવાયું છે કે જ્યારે આ જૂથો કેનેડામાં વ્યાપક ભંડોળ ઊભું કરવાનું નેટવર્ક ધરાવતા હતા , ત્યારે તેઓ હવે કોઈ ચોક્કસ સંગઠન સાથે સંકળાયેલા ન હોવાથી ખાલિસ્તાનના હેતુને સમર્થન આપતા લોકોના નાના જૂથો દ્વારા કાર્ય કરતા દેખાય છે.

કેનેડાની સરકારે ચેતવણી આપી છે કે આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવાથી કેનેડાની રાષ્ટ્રીય સુરક્ષા અને પ્રતિષ્ઠાને ગંભીર ખતરો થઈ શકે છે.

. . . . . . . . . . .

# WASHINGTON PROTEST

નેશનલ ગાર્ડને હટાવવાની માંગણી સાથે ગઈકાલે વોશિંગ્ટન , ડીસીમાં હજારો પ્રદર્શનકારીઓએ કૂચ કરી હતી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રાજધાનીનીશેરીઓમાં પેટ્રોલિંગ કરવા નેશનલ ગાર્ડને તૈનાત કર્યા છે. "વી આર ઓલ ડી.સી." એવી આ કૂચમાં બિનદસ્તાવેજીકૃત ઇમિગ્રન્ટ્સ અને પેલેસ્ટિનિયન રાજ્યના સમર્થકો સહિત વિરોધીઓએ ટ્રમ્પની નિંદા કરતા સૂત્રોચ્ચાર કર્યા અને પોસ્ટરો દર્શાવ્યા હતા,

. . . . . .

# ISRAEL-GAZA-ATTACK

ઇઝરાયલી સેનાએ ગાઝામાં 15 માળની ઇમારત સુસ્સી ટાવર તોડી પાડી છે. છેલ્લા 24 કલાકમાં આ વિસ્તારમાં આ બીજો મોટો હુમલો છે. ઇઝરાયલી સંરક્ષણ દળોએ દાવો કર્યો છે કે આ ટાવરનો ઉપયોગ હમાસ દ્વારા કરવામાં આવતો હતો , પરંતુ પેલેસ્ટિનિયન જૂથે આ વાતનો ઇનકાર કર્યો છે. જાનહાનિનો ચોક્કસ આંકડો જાણી શકાયો નથી. અહેવાલો અનુસાર આ ટાવરમાં ઘણા વિસ્થાપિત પેલેસ્ટિનિયનો રહેતા હતા.

અગાઉ ઇઝરાયલે પશ્ચિમ ગાઝા શહેરમાં 13 માળનો મુશ્તાહા ટાવર તોડી પાડ્યો હતો. ઇઝરાયલી સેનાએ પેલેસ્ટિનિયનોને દક્ષિણ ગાઝામાં જવા કહ્યું છે.

. . . . . . . . . .

# PAKISTAN BLAST

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ પ્રાંત ખૈબર પખ્તુનખ્વામાં , ક્રિકેટ મેચ દરમિયાન થયેલા વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું છે અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે.

પોલીસના જણાવ્યા અનુસાર , બાજૌર જિલ્લાના ખાર તહસીલમાં આવેલા કૌસર ક્રિકેટ ગ્રાઉન્ડમાં ગઈકાલે વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ દેશી વિસ્ફોટકથી કરવામાં આવ્યો હતો. કોઈ પણ જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી. પોલીસે આ હુમલા માટે આતંકવાદીઓને જવાબદાર ઠેરવ્યા છે.

. . . .

# LUNAR ECLIPSE

આજે પૂર્ણ ચંદ્રગ્રહણ છે. આ ગ્રહણ સમગ્ર ભારતમાં સ્પષ્ટપણે દેખાશે. દિલ્હી , મુંબઈ, કોલકાતા અને બેંગલુરુ સહિત એશિયા , ઓસ્ટ્રેલિયા, પૂર્વ આફ્રિકા અને યુરોપના કેટલાક ભાગોમાં સંપૂર્ણપણે દેખાશે. ચંદ્રગ્રહણ આજે રાત્રે **8** વાગીને **58** મિનિટે શરૂ થશે અને જે આવતીકાલ સવારે **2** વાગીને **25** મિનિટે સમાપ્ત થશે. આ એક દુર્લભ ખગોળીય ઘટના એક દાયકામાં સૌથી લાંબા ગ્રહણમાંની એક હશે. તેનો સમયગાળો **82** મિનિટનો હશે અને ચંદ્રગ્રહણ પાંચ કલાકથી વધુ ચાલશે.

ચંદ્રગ્રહણ ત્યારે થાય છે જ્યારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે. આ દરમિયાન, પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડે છે. આ ઘટના ફક્ત પૂર્ણિમાના દિવસે જ થાય છે. આ હેઠળ, પૃથ્વી, સૂર્ય અને ચંદ્ર બધા એક રેખામાં હોય છે.

. . . . . . . . . . .

# JAPAN PM RESIGN

જાપાનના રાષ્ટ્રપ્રમુખ શિગેરુ ઇશિબાએ શાસક લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં ભાગલા ટાળવા માટે રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે.

જુલાઈમાં યોજાયેલી ચૂંટણીમાં ઇશિબાના **LDP-**નેતૃત્વ હેઠળના ગઠબંધને ઉપલા ગૃહમાં બહુમતી ગુમાવી દીધી હતી.

. . . . .